પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૪૦ • કુલ પાના : ૪ • તારીખ : ૦૬-૧૦-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિલાસપુર એમ્સનું ઉદઘાટન કર્યું, કુલુમાં દશેરા ઉત્સવમાં હાજરી આપી

શિમલા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સને સમર્પિત કરીને હિમાચલને મોટી ભેટ આપી છે. એમ્સના ઉદ્‌ઘાટન પછી તેમણે બિલાસપુરમાં પરંપરાગત બંધાયેલા વાદ્ય દ્વારા ચૂંટણીનો શંખનાદ વગાડ્યો હતો. તેમજ,૧૦ દિવસમાં પીએમ હિમાચલની આ બીજી મુલાકાત છે. પીએમ મોદીએ કહ્યું કે. પીવાના પાણીના કનેકશન ઘણા દાયકાઓ સુધી આપવામાં આવ્યા નહોતા. તેના કરતાં ચાર-પાંચ વર્ષમાં વધુ કનેક્શન આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આજે ભાગ્યે જ કોઈ પરિવાર હશે જેને પેન્શન ન મળતું હોય. તેમણે કહ્યું કે હિમાચલ સરકારે સૌપ્રથમ કોવિડ રસીકરણનો ૧૦૦ ટકા લક્ષ્ય પૂર્ણ કર્યો છે અને રાજ્યના લોકોને સુરક્ષા આપી છે. તેમણે કહ્યું કે હિમાચલ એ તકોનું રાજ્ય છે. અહીં વીજળી ઉત્પન્ન થાય છે અને પ્રવાસ એ રોજગાર આપે છે. અહીં સારી કનેક્ટિવિટીનો અભાવ જોવા મળ્યો હતો. પરંતુ૨૦૧૪ પછી સારી કનેક્ટિવિટી માટે પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે હિમાચલના લોકોને વળાંકવાળા રસ્તાઓથી રાહત આપવા માટે ટનલનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે છેલ્લા આઠ વર્ષમાં મોબાઈલ ફોન સસ્તા થયા છે અને ગામડે ગામડે નેટવર્ક પહોંચ્યું છે. હિમાચલના નાગરિકોને ડિજિટલ ઈન્ડિયાનો મહત્તમ લાભ મળી રહ્યો છે. ૧૦ દિવસમાં વડાપ્રધાન મોદીની આ બીજી રાજ્ય મુલાકાત છે. અગાઉ ૨૮ સપ્ટેમ્બરે



મંડીમાં તેમની રેલીનો પ્રસ્તાવ હતો. જો કે ખરાબ હવામાનના કારણે તે દિવસે પીએમ આવી શક્યા ન હતા. ત્યારબાદ તેમણે વર્ચ્યુઅલ રીતે દિલ્હીથી જ સંબોધન કર્યું હતું.

વડાપ્રધાન બિલાસપુરના લુહનુ મેદાન પહોંચ્યા હતા. અહીંથી તેમણે ૨૧૮૦ કરોડ રૂપિયાના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યું. આ દરમિયાન તેમણે લુહનુ મેદાનથી વર્ચ્યુઅલ રીતે બંદલામાં સરકારી હાઈડ્રો એન્જિનિયરિંગ કોલેજનું ઉદઘાટન, બદ્દી મેડિકલ ડિવાઈસ પાર્ક અને ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ પિંજોરથી નાલાગઢ વચ્ચે બાંધવામાં આવનારી ૩૧ કિલોમીટર લાંબા ફોરલેન રાષ્ટ્રીય ધોરીમાર્ગનો પણ શિલાન્યાસ પણ કર્યો હતો. બિલાસપુરમાં ઉદઘાટન અને શિલાન્યાસ બાદ વડાપ્રધાન લુહનુમાં એક જનસભાને સંબોધશે અને ચૂંટણીપ્રચાર કરશે. આ પછી ભારતીય જનતા પાર્ટી રાજ્યમાં વિધાનસભા ચૂંટણી માટે પ્રચારને વધુ વેગ આપશે. બપોરે ૩:૧૫ વાગ્યે PM કુલુના ઢાલપુર મેદાનમાં આંતરરાષ્ટ્રીય દશેરા ઉત્સવમાં ભાગ લેશે. આ દરમિયાન BJPના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડાએ કહ્યું હરતું કે પહેલાં હિમાચલને દિલ્હીથી કંઈ મળ્યું નહોતું. વડાપ્રધાન મોદીએ હિમાચલની દરેક માગ પૂરી કરી છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું હતું કે એમ્સ, બિલાસપુરને રેલવેલાઈન, કિરતપુર-મનાલી ફોર લેન, હમીરપુર-મંડી ગ્રીન હાઈવે, હાઈડ્રો એન્જિનિયરિંગ કોલેજ વગેરે માત્ર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કારણે જ મળ્યાં છે.

વડાપ્રધાનની જનસભામાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા, મુખ્યમંત્રી જયરામ ઠાકુર, કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી મનસુખ માંડવિયા, કેન્દ્રીય માહિતી અને સૂચના પ્રસારણમંત્રી અનુરાગ ઠાકુર, ભાજપા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સૌદાન સિંહ, ભાજપના રાજ્ય મંત્રીઓ, કેબિનેટ મંત્રીઓ અને અન્ય પદાધિકારી હાજર રહ્યાં હતાં.

વડાપ્રધાનના પ્રવાસ પહેલાં કોંગ્રેસની ચૂંટણીપ્રચાર સમિતિના અધ્યક્ષ સુખવિંદર સિંહ સુખુએ નવું જુઠ્ઠું બોલવાને બદલે આપેલા વાયદાઓ પૂરા કરવાની માગ કરી છે. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાને જણાવવું જોઈએ કે સફરજન પર ૧૦૦ ટકા ઈમ્પોર્ટ ડ્યૂટી, રાજ્યના ૬૯ નેશનલ હાઈવે, ઠંડાં પીણાંમાં સફરજનનો જયૂસ ભેળવવાનું વચન કેમ આજદિન સુધી પૂરું નથી થયું? સુખુએ વડાપ્રધાનના પ્રવાસ પહેલાં મુખ્યમંત્રી જયરામ ઠાકુરને કેટલાક પ્રશ્નો પૂછ્યા છે. તેમણે કહ્યું હતું કે મુખ્યમંત્રીએ પ્રજાને જણાવવું જોઈએ કે વડાપ્રધાને આઠ વર્ષના કાર્યકાળ દરમિયાન હિમાચલ માટે કઈ જાહેરાત કરી છે. પ્રદેશના મુખ્યમંત્રીનું કેટલું દેવું માફ કરશે. ૬૫ હજાર કરોડ રૂપિયાથી વધુનો દેવું છે. જન્મેલો દરેક બાળક દેવાદાર છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાન પાસેથી રાજ્ય માટે વિશેષ નાણાકીય પેકેજ લેવું જોઈએ.

## ઉત્તરાખંડમાં ૫૦૦ મીટર ઊંડી ખીણમાં બસ ખાબકતા ૨૫નાં મોત, બસમાં ૫૦ જાનૈયા હતા

દહેરાદુન,

ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે એક બસ ૫૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબકી હતી. જાનૈયાઓથી ભરેલી બસ હરિદ્વારના લાલઢાંગથી કારાગાંવ જઈ રહી હતી. સીમડી ગામ પાસે ડ્રાઈવરે કાબૂ ગુમાવ્યો હતો અને બસ ખીણમાં ખાબકી હતી.

આ અકસ્માત પૌડી ગઢવાલ જિલ્લાના બિરખાલ વિસ્તારમાં રાત્રે લગભગ ૮ વાગ્યે થયો હતો. રાત હોવાને લીધે રેસ્ક્યૂ-ઓપરેશનમાં વિલંબ થયો. ઘટનાની જાણ થતાં સ્થાનિકો પહોંચ્યા અને તેમણે રેસ્ક્યૂમાં મદદ કરી હતી. અંધારું હોવાને કારણે મૃતદેહ અને ઘાયલોને મોબાઈલની ફ્લેશની મદદથી શોધવામાં આવ્યા. મંગળવાર રાતથી બચાવ કામગીરી ચાલી રહી હતી. આ માટે પોલીસ અને એસડીઆરએફની ટીમ સાથે મળીને કામ કરી રહી હતી.

રાજ્યના ડીજીપી અશોક કુમારે જણાવ્યું હતું કે બસમાં લગભગ ૫૦ લોકો સવાર હતા. પોલીસ અને જીહ્રઈહ્નની ટીમે ૨૧ લોકોનું રેસ્ક્યૂ કર્યું છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. રાત્રે લગભગ ૧ વાગ્યે ઉત્તરાખંડ પોલીસે જણાવ્યું, '૯ લોકોનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. ૬ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી એકની હાલત ગંભીર છે અને તેને ઈલાજ માટે કોટદ્વાર રિફર કરવામાં આવ્યો છે. બચાવી લેવામાં આવેલા ૨ લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. અંધારાના કારણે બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી હતી. બુધવારે સવાર સુધી બાકીના લોકોને બહાર કાઢવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો. તેમણે ફોન કરી અધિકારીઓને ઘટનાસ્થળે પહોંચવા આદેશ આપ્યો. સીએમ પોતે ડિઝાસ્ટર કંટ્રોલ રૂમમાં રેસ્ક્યૂ-ઓપરેશનની સમીક્ષા કરવા પહોંચ્યા હતા.

## રાજકીય પક્ષો લોકોને ખોટા વાયદા ન કરે, ચૂંટણી પંચે પત્રો લખી પક્ષોને ચેતવણી આપી

નવીદિલ્હી,

ચુંટણી પંચે દરેક રાજકીય પક્ષોને એક પત્ર લખી તેમને ચેતવ્યા છે કે કોઈ પણ ખોટા ચુંટણી વાયદાઓ ન કરે. જે કોઈ ચુંટણી-વચનો અપાય તેવા તે વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે તે આર્થિક રીતે પુરા થઈ શકે તેમ છે કે નહીં.

આ સાથે ચુંટણી પંચે તેમ પણ કહ્યું હતું કે, ''ચુંટણી વાયદાઓ અંગે સંપુર્ણ માહિતી ન આપવાની અને તેની વિત્તીય-સ્થિરતા પર પડનારી અયોગ્ય અસર પ્રત્યે પંચ આંખ આડા કાન કરી ન શકે. કારણ કે આવા વાયદાઓની દૂરગામી અસર થતી હોય છે. આ સાથે ચુંટણી પંચે રાજકીય પક્ષો દ્વારા અપાતા વાયદાઓની ઘોષણા અંગે એક પ્રમાણભૂત-નીતિ-રેખા દોરવાનો પણ પ્રયાસ કર્યો છે.''

આ અંગે ચુંટણી પંચે એક રૂપરેખા પણ તૈયાર કરી છે. તે પ્રમાણે નાણાંકીય સંસાધનોની જાહેરાત પણ તે વાયદાઓ સાથે કરવી અનિવાર્ય બની રહેશે. તેનો હેતુ ચુંટણી વાયદાઓની નાણાંકીય વ્યવહારૂતા પણ મતદારોને જણાવવાનો છે. સાથે તેમ પણ કહ્યું છે કે, તે વાયદાઓ રાજ્ય કે કેન્દ્રની નાણાંકીય ક્ષમતામાં આવી જાય છે કે કેમ તે પણ જોવું જરૂરી છે.

ટૂંકમાં ચુંટણી જીતવા માટે કેટલાએ પક્ષો અને તેના નેતાઓ, મતદારોને લોભાવવા, આર્થિક અને નાણાંકીય રીતે પણ કદી ન પોસાય તેવા વચનો ચુંટણી પ્રચાર સમયે આપતા રહે છે. તેથી અબુધ અને ભોળા મતદારો જેઓને અર્થતંત્રની કે દેશની નાણાંકીય સ્થિતિની ગતાગમ જ નથી હોતી તેઓ દોરવાઈ જાય છે. પરિણામે છેવટે નુકસાન તેમને જ થાય છે.

## મુંબઈ એરપોર્ટ પર પ્રવાસી પાસેથી ૯.૮ કરોડનું કોકેન જપ્ત

મુંબઈ,

કસ્ટમ્સની ટીમે મુંબઈ એરપોર્ટ પર સર્ચ ઓપરેશન હાથ ધરી રૂ.૯.૮ કરોડનું કોકેન જપ્ત કર્યું હતું. આદિસ અબાબાથી ઈથોપિયન એરલાઈન્સથી ફલાઈટ નંબર ઈટી-૬૧૦માં મુંહઈ આવેલા પ્રવાસી પાસે ૯૮૦ ગ્રામ કોકેન મળ્યું હતું. આ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આ નશીલો પદાર્થ અંડર ગારમેન્ટમાં સંતાડવામાં આવ્યો હતો આરોપીને જ્યુડિશિયલ કસ્ટડી આપવામાં આવી હતી.

અગાઉ છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પ્રવાસીની એક ટ્રોલી બેગની અંદરથી રૂ.૩૪ કરોડનું હેરોઈન મળ્યું હતું. બેગની અંદર ખાસ બનાવેલી પોલાણમાં હેરોઈન સંતાડયું હતું. આ ઉપરાંત અન્ય એક મામલામાં શંકાને આધારે કસ્ટમ વિભાગના અધિકારીએ મહિલા પ્રવાસીને પકડીને તેના સેન્ડલની તપાસણી કરી હતી. સેન્ડલમાંથી ૪૯૦ ગ્રામ કોકોઈન મળ્યું હતું. એની કિંમત અંદાજે રૂ.૪.૯ કરોડ રૂપિયાની હતી. આ સિવાય નવી મુંબઈના વાશીમાં ડીઆરઆઈની ટીમે આયાતી સંતરાની ટ્રકમાંથી ૧૪૭૬ કરોડનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું.



आज़ादी का अमृत महोत्सव

ઉદ્યોગ કમિશનરની કચેરી
ઉદ્યોગ અને ખાણ વિભાગ,
ગુજરાત સરકાર

# આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત



## ઉદ્યોગોને વધુ વેગવંતા બનાવવા

# આત્મનિર્ભર ગુજરાત

યોજનાઓ 2022નો પ્રારંભ



| | |
|---|---|
| ગુજરાતના ઉદ્યોગોને ગ્લોબલ સપ્લાય ચેઇનમાં નિર્ણાયક ભૂમિકા ભજવવા માટે સક્ષમ બનાવવા | જોખમ મુક્ત રોકાણ દ્વારા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા |
| ₹ 12.5 લાખ કરોડથી વધુના રોકાણ સાથે 15 લાખથી વધુ લોકો માટે રોજગારીની નવી તકો ઊભી કરતી યોજનાઓ | "નેક્સ્ટજેન ગ્રીન મૅન્યુફેક્ચરિંગ" પર વિશેષ ધ્યાન |

## યોજનાઓની મુખ્ય વિશેષતાઓ

- MSMEsને સહાયતાના વ્યાપ અને સંભાવનાઓમાં વધારો
- MSMEsને તેમના રોકાણમાં 100% સુધીનું વળતર
- સૂક્ષ્મ સાહસોને કૅપિટલ સબસિડી
- ગુણવત્તાયુક્ત રોજગારની તકો વધારવા માટે રોજગારને પ્રોત્સાહન
- ઉદ્યોગોને નેટ SGST પેટે પ્રોત્સાહન
- ઉદ્યોગોને વ્યાજ પર સબસિડી

ગુજરાતમાં થ્રસ્ટ મૅન્યુફેક્ચરિંગ સેક્ટર અને તેમની ઑન્સિલરી ઇકોસિસ્ટમના વિકાસ માટેની ઉન્નત તકો

ગ્રીન એનર્જી ઇકોસિસ્ટમ | મોબિલિટી | કૅપિટલ ઇક્વિપમેન્ટ | ધાતુઓ અને ખનિજો | ટેક્સટાઇલ અને એપેરલ
સસ્ટેનિબિલિટી | એગ્રો પ્રોસેસિંગ | જેમ્સ અને જ્વેલરી | કૅમિકલ્સ | હેલ્થકેર

www.ic.gujarat.gov.in

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરાના લાલબાગ મેદાન ખાતે રાવણ પુતળા દહનનો કાર્યક્રમ યોજાયો

ગોધરા, વિજયા દશમી નિમિત્તે ગોધરાના લાલબાગ મેદાન ખાતે રાવણ પુતળા દહનનો કાર્યક્રમ યોજાયો હતો. ગોધરાના લાલબાગ મેદાન ખાતે ગોધરા નગરપાલિકા દ્વારા રાવણ દહન નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પંચમહાલ જીલ્લાના સાંસદ, ગોધરાના ધારાસભ્ય તેમજ નગરપાલિકાના હોદ્દેદારો અને પદાધિકારીઓ તેમજ અધિકારીઓ સહીત ગોધરા તેમજ આજુબાજુના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં નાગરિકો આ રાવણ પુતળા દહન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ભવ્ય આતશબાજી બાદ રાવણ ના પુતળાનું દહન કરવામાં આવ્યું હતું, શસ્ત્ર પૂજા વિધિ કર્યા બાદ રાવણ પુતળા દહન કરવામાં આવ્યું હતું.







## પંચમહાલ જીલ્લામાં દશેરા પર્વએ વાહનો ખરીદી કરવા લોકો ઉમટી પડ્યા



ગોધરા, પંચમહાલ જીલ્લામાં દશેરા પર્વની ઉજવણી જિલ્લાવાસીઓએ ભક્તિ ભાવ પૂર્વક કરી હતી. જ્યારે નવા વાહનો ખરીદવાનો શુભ દિવસ હોવાથી ખુશ ખુશાલ થઈને લોકોએ બાઈક સહિતના નવા વાહનો ની ખરીદી કરી હતી.

સમગ્ર જિલ્લામાં દશેરા પર્વની ઉજવણી જિલ્લાવાસીઓએ ધામધૂમપૂર્વક કરી હતી. જ્યારે નવી ચીજ વસ્તુ ખરીદી કરવા માટે આ દિવસ શુભ હોવાથી ત્યારે શહેરા તાલુકા મથક ખાતે આવેલ ગુરૂકૃપા બાઈકના શો રૂમ સહિત જિલ્લા માં આવેલા ફોર વ્હીલર અને ટુ વ્હીલરના શો-રૂમ માં નવા વાહનોની ખરીદી કરતા લોકો જોવા મળી રહ્યા હતા. જોકે નવા વાહનોના ભાવ મા ધરખમ વધારો થયો હોવા છતાં લોકો એ પોતાના શોખ પૂરા કરવા મોઘવારીને બાજુમાં મૂકીને નવા વાહનોની ખરીદી કરી હતી. જ્યારે ગત વર્ષ કરતા આ વખતના દશેરાના પર્વના દિવસે વાહનોના શો-રૂમમાં નાના થી લઈને મોટા વાહનોનું વેચાણ વધતા વેપારીઓના ચહેરા પર રોનક જોવા મળી રહી હતી. સાથે નવા વાહનોની કિંમતમાં સતત ભાવ વધતો હોવા છતાં લોકોએ ઉત્સાહપૂર્વક નવા વાહનોની ખરીદી કરી હતી. ફરસાણની દુકાનમાં ફાફડા, જલેબી લેવા માટે પણ લોકોની ભીડ જોવા મળી હતી.

## ગોધરાના બહારપૂરામાં સદભાવના મિશન ક્લાસના મુસ્લિમ શિક્ષક દ્વારા ગરબા રમાડી કોમી એકતા ઉદાહરણ પુરૂ પાડયું



ગોધરા, સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરામા ગરીબ અને મદયમ વર્ગના બાળકોને એક મુસ્લિમ યુવા શિક્ષક દ્વારા અનોખી રીતે ગરબા રમાડી કોમી એકતા અને અખંડિતતા ભાઈચારાનો સંદેશ ફેલાવી ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

ડો.સુજાત વલી દ્વારા એક અનોખી એક માત્ર મફત શિક્ષણ કોચિંગ કલાસ સંસ્થા સદભાવના મિશન કલાસ બહારપૂરાની સ્થાપના કરી હતી તેમા સેકડો બાળકોએ શિક્ષણ મેળવ્યું હતું. હાલ આ કલાસમા ૧૩૦ થી વધુ બાળકોને મફત શિક્ષણ કોચિંગ કલાસ અભ્યાસ લઈ રહ્યા છે દર વર્ષે જેમ સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે નવમા નોત્રે નવરાત્રિના રૂમઝુમ ગરબા રમવા થનગની રહેલાં બાળકો સાથે ઉત્સાહ સાથે ગરબા મહોત્સવ અંતર્ગત ભાગ લેવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા બાળકોની સાથે ભાગીદારી નોંધાવી ઉત્સાહ સાથે આવેલાં વાલીઓ, સામાજિક કાર્યકર, સ્થાનિક લોકો અને મહિલાઓએ પણ આ નવમા નોત્રે રૂમઝુમ ગરબા રમવા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લોકોમાં આનંદની લાગણી વ્યાપી હતી.

સદભાવના મિશન કલાસ બહારપૂરા ગોધરામા અભ્યાસ કરતા ૧૩૦ વિદ્યાર્થીઓમાથી ધોરણ ૧ થી ૫ મા પ્રથમ સ્થાને સોલંકી ધૃવી તુલસીભાઇ દ્રિતિય સ્થાને ખાભું ધૃવી પરસોત્તમ તૃતીય સ્થાને ખાભું નકુલ છગનભાઇ અને ધોરણ ૬ થી ૧૦ માં પ્રથમ સ્થાને પારંગી અક્ષરા કલ્પેશભાઈ દ્રિતિય સ્થાને પઢિયાર મિતાલી સુનિલ તૃતીય સ્થાને ગર્ગ મોહિત જગદીશભાઈ વગેરે જેવા વિદ્યાર્થીઓને જજ તરીકે મહિલા મહેતા ગીરાબેને નંબર આપી ગીફ્ટ અને તમામ બાળકોને સટિફિકેટથી શિક્ષક ઈમરાન સાહેબ, મહેતા ગીરાબેન અને મારવાડી સમાજનાં અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

સદભાવના મિશન ક્લાસ બહારપૂરા ગોધરા શિક્ષક ઈમરાન સાહેબને મારવાડી સમાજનાં અગ્રણીઓ, હોદ્દેદારોએ, વડીલોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત થય પુષ્પગુચ્છથી સન્માનિત કરવામાં આવ્યા હતા ગોધરાના ખ્યાતનામ એવા ડોક્ટર સુજાત વલી સાહેબે તમામ બાળકોને શુભેચ્છાઓ પાઠવી હતી કે અવનાર દિવસો સુદર મય બની રહે અને તમામ બાળકોને શિક્ષણ લઈ ઉત્તમ પ્રગતિ કરી આગળ વધે શુભકામનાઓ પાઠવી હતી.

## ઘોઘંબા તાલુકા ક્ષત્રિય સમાજ દ્વારા માર્કેટિંગ યાર્ડ ખાતે શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, દશેરાના પાવન તહેવાર નિમિત્તે ઘોઘંબા તાલુકામાં ક્ષત્રિય સમાજના ૪૮ ગામોના લોકો દ્વારા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-ઘોઘંબા ખાતે શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો.

ક્ષત્રિય સમાજના વિવિધ આગેવાનો દ્વારા આ સ્નેહમિલન દ્વારા સમાજમાં ચાલતા કુરિવાજો, અંધશ્રદ્ધાઓ અને વ્યસનોને તરછોડીને શિક્ષણ તરફ આગળ વધવા માટે આહવાન કર્યું હતું. હાલનો યુગ એ ૨૧મી સદીનો વિજ્ઞાન અને ટેકનોલોજીનો યુગ છે ત્યારે સમાજમાં પણ આ ક્ષેત્રે પૂરેપૂરી પ્રગતિ થાય તે માટે મહાનુભાવો દ્વારા સર્વે સમાજના વડીલો મિત્રો અને ભાઈઓને ઉદબોદન કરવામાં આવ્યું હતું. સાથે સાથે ક્ષત્રિય ધર્મનું રક્ષણ થાય તે માટે સૌએ જાગૃત બની ક્ષત્રિય ધર્મ નિભાવવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.

શસ્ત્ર પૂજનની વિધિ પૂર્ણ થયા બાદ માર્કેટિંગ યાર્ડથી વેરાઈ માતાના મંદિર સુધી એકતા પ્રદર્શન અને રેલીનું આયોજન જેમાં ખૂબ મોટી સંખ્યામાં ક્ષત્રિય દ્વારા ખૂબ મોટા પાયા પર રેલી કાળી શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

દશેરાનો તહેવાર એટલે ભગવાન શ્રીરામનો વિજય ઉત્સવ અને રાવણના અહંકાર નો સર્વનાશ માટેનો દિવસ ગણવામાં આવે છે. જેમ ભગવાન શ્રીરામને સાથે સદગુણોથી વિજય પ્રાપ્ત થયો હતો તેમ સમાજમાં પણ સાત્વિક ગુણો વિકસે અને સમાજના સર્વે પરિવારોનું ભલું થાય તેવા શુભ આશીર્વચનો પણ પાઠવવામાં આવ્યા હતા.

## શહેરા નગરમાં સિંધી સમાજ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં નોમના દિવસે ગરબાની રમઝટ જામી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા નગરમાં સિંધી સમાજ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં નોમના દિવસે ગરબાની રમઝટ જામી હતી. જ્યારે ગરબા પૂર્ણ થયા બાદ સિંધી સમાજના પ્રમુખ રૂપચંદ સેવકાણી સહિત સિંધી સમાજના ભાઈઓ-બહેનો અને યુવાનોએ શસ્ત્ર પૂજા કરી હતી.

શહેરા સિંધી ચોકડી વિસ્તારમાં સિંધી સમાજ દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવમાં છેલ્લા નોરતે ગરબાની રમઝટ જામી હતી. બે વર્ષ બાદ મન મૂકીને ગરબે ઘૂમવા મળતા ખેલૈયાઓમાં આનંદ છવાઈ ગયો હતો. ટ્રેડિશનલ ડ્રેસ અને અવનવા પોશાકમાં ખેલૈયાઓ ગરબે ઘૂમી માતાજી ના ગુણલા ગાઈ રહ્યા હતા. રાત્રિના બાર વાગ્યાથી લઈને સવાર સુધી ખેલૈયાઓ મન ભરીને ગરબે ઘુમવા સાથે અનેરો આનંદ અને ઉત્સાહ પણ ખેલૈયોમાં જોવા મળી રહ્યો હતો. સિંધી સમાજના પ્રમુખ રૂપચંદભાઈ સેવકાણી દ્વારા માતાજીની આરતી કરવામાં આવી હતી. દશેરા પર્વને લઈને સિંધી સમાજના પ્રમુખ રૂપચંદભાઈ સેવકાણી તેમજ આ સમાજના યુવાનો અને મહિલાઓ દ્વારા શસ્ત્ર પૂજા કરવામાં આવી હતી. સિંધી સમાજ દ્વારા નવરાત્રીની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરાઈ હતી.

## ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા દશેરા નિમિત્તે મોંઘવારી રૂપી રાવણ બનાવી તેનું દહન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ, હાલ સમગ્ર દેશ અને રાજયમાં દેશના યુવાનો બેકારીના કારણે ડિગ્રી હોવા છતાં પણ નોકરીઓ માટે વલખાં મારી રહેલ છે અને કોરોના કાળમાં આર્થિક રિતે પડી ભાગેલી દેશની જાહેર જનતાની ચિંતા કરયા વિના દિન પ્રતીદિન આ ભાજપની સરકાર દ્વારા મોઘવારીનો જે માર આપવામાં આવી રહેલ છે અને સમગ્ર દેશમાં ભ્રષ્ટાચારે માઝા મુકિ છે ત્યારે દેશના યુવાનો અને ગ્રુહિણીઓ અને જાહેર જનતાના આ ત્રણ પ્રશ્નોને લઈ આજરોજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશભાઇ ઠાકોરના આદેશ અને દાહોદ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ હર્ષદભાઈ નિનામાની સુચના અનુસાર દશેરાના દિવસે રાવણની જગ્યાએ ઝાલોદ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા આ ભાજપ સરકારના ભ્રષ્ટાચાર/મોઘવારી અને બેરોજગારીના પુતળાનુ દહન કરી પોતાનો આક્રોશ ઠાલ્વયો હતો.અને ભારે સુત્રોચાર સાથે ભાજપ સરકાર નો વિરોધ કરી ઝાલોદ બસ સ્ટેશનની સામે સરદાર ચોક પાસે પુતળા દહન કરવા માં આવ્યું હતુ.

જે કાર્યક્રમમાં ઝાલોદ કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઇ ડાંગી, ઝાલોદ માજી ધારાસભ્ય મિતેશભાઇ ગરાસિયા, સેવાદળ સંગઠક દિનેશભાઇ પારગી, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી અમરસિંહભાઇ માવી, જિલ્લા યુથ પ્રમુખ સંજય નિનામા, જિલ્લા મંત્રી દિનેશભાભોર, બક્ષી સેલ પ્રમુખ બળવંતસિહ લબાના, કનુભાઇ ડામોર, સુનિલભાઇ બારિયા, કલ્પેશભાઇ વસૈયા, ખિમાભાઇ મુનિયા, ભરતભાઇ ડામોર, રામુભાઇ પલાસ, બાબુભાઇ નિસરતા, સોભનાબેન ડામોર, દલસિંગભાઇ સંગાડા, અરવિંદભાઇ વસૈયા, મહેશભાઇ પરમાર, રૂપસિંગભાઇ ડામોર, કાળુભાઇ ડામોર સહિત અનેક કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

**ગરબાડા તાલુકાના ગાંગરડી ગામે વિજયા દશમી પર્વને લઈને પારંપરિક રાવણ દહન કરવામાં આવ્યું હતું. રાવણ દહનના આ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં માનવરામણ એકત્રિત થયું પોલીસ બંદોબસ્તની વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં રાવણ દહન નો કાર્યક્રમ સંપન્ન થયો હતો.**

## સરકારી વિનય કોલેજ ગરબાડા ખાતે EVM અને VVPAT નિદર્શન તથા મતદાન જાગૃતિ પ્રતિજ્ઞા લેવામાં આવી



ગરબાડા, ગરબાડા તાલુકાની સરકારી વિનિયન કોલેજ ખાતે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વહીવટી તંત્ર ગરબાડા દ્વારા મતદાન જાગૃતિ લાવવામાં આવે તથા વધુમાં વધુ લોકો મતદાન કરવા સમજુત બને તે માટે EVM અને VVPAT નિદર્શન તથા રાજય ચૂંટણી આયોગની સુચનાને અનુલક્ષીને સ્વીપ કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓને મતદાન જાગૃતિ ગરબા કરાવવામાં આવ્યા હતા અને મોટી સંખ્યામાં મતદાન કરવા સમજુત બને અને બીજાને પણ બનાવે તે માટે પ્રતિજ્ઞા પણ લેવામાં આવી હતી જેમાં કોલેજના સ્ટાફ તેમજ વહીવટી તંત્રના સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## દાહોદ નેશનલ હાઈવે ઉપર મારૂતિ વાનમાં આગ લાગી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ, દાહોદના નસીરપુર ગામ નજીક નેશનલ હાઈવે ઉપર મારૂતિ વાનમાં આગ લાગતા જોતજોતામાં મારૂતિ વાન સંપૂર્ણ બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે કોઈ જાનહાનિ ન થતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ પાણીનો ભારે મારો ચલાવી આગ ઉપર કાબૂ મેળવ્યો હતો.

દાહોદમાંથી પસાર થતા ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે ઉપર આજે ૧૧ વાગ્યાના સમય ગાળા દરમિયાન ઈન્દોર તરફથી ગોધરા તરફ જતી મારૂતિ વાનમાં અચાનક શોર્ટ શર્કિટ થવાના કારણે વાનમાં આગ ભભુકી ઉઠી હતી જોકે સીએનજી કીટ લાગેલું હોઈ અને શોર્ટ શર્કિટ થતા અચાનક આગની જવાળાઓ નીકળતા ડ્રાંઈવર સંચમવતા વાપરી ગાડીમાંથી કૂદી જતા તેનો આબાદ બચાવ થયો હતો જોકે મારૂતિ વાનમાં આગ લાગવાની ઘટનાને લઈને આજુમાંથી લોક ટોળા ભેગા થયાં હતા અને સ્થાનિકો દ્રારા ફાયર ફાઈટર ને જાણ કરાતા ફાયરના જવાનો ઘટના સ્થળે દોડી આવી મારૂતિ વાન ઉપર પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો જોકે મારૂતિ વાન બળીને ખાક થઈ જવા પામી હતી અને ચાલકનો આબાદ બચાવ થવા પામ્યો હતો જોકે આ ઘટનાની જાણ રૂરલ પોલીસને પણ કરવામાં આવી હતી પોલીસ પણ ઘટના સ્થળે જવા માટે રવાના થઈ હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.40